# આઈપીએલમાં સ્પોટ ફિક્સીંગ

## સ્પોટ ફિક્સીંગ બદલ શ્રીસંત અને અન્ય બે ખેલાડીની ધરપકડ કરાઈ : ત્રણ ક્રિકેટરોની સાથે ૧૦ બુકીઓની પણ ધરપકડ : મોટા નેટવર્કનો પર્દાફાશ અન્ય બુકીઓની શોધખોળ : રાજસ્થાન રોયલ્સના અંકિત, ચંડીલા ઝડપાયા

નવી દિલ્હી,તા. ૧૬

હાઈપ્રોફાઈલ ઓપરેશનના ભાગરૂપે દિલ્હી પોલીસે સ્પોટ બનાવથી સમર્થન મળી ગયું છે. અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે દિલ્હી પોલીસે ૧૦ બુકીઓની પણ આમાં કનેક્શન છે. ધરપકડ કરવામાં આવેલા ક્રિકેટરો સામે ફોજદારી કાવતરા (૧૨૦-બી), ૪૨૦, ઓપરેશનને અમલી બનાવવા મુંબઈમાં ગોઠવાયેલી હતી. ખેલાડીઓ અને બુકીઓ વચ્ચે ફોન પર થયેલી વાતચીત ટેપ કરવામાં આવ્યા બાદ આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. ખેલાડીઓ સામે યોગ્ય પુરાવા એકત્રિત કરવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. મુંબઈમાં હોટલ પ્રાઈડનમાંથી ધરપકડ કરવામાં આવી હતી. રોકડ રકમ પણ કબજે કરવામાં આવી ચુકી છે.

સમગ્ર નેટવર્કમાં અન્ય બુકીઓ પણ સામેલ હોવાની શંકા પ્રવર્તી રહી છે. દિલ્હી પોલીસે ધરપકડ કરેલા બુકીઓની પ્રાથમિક રીતે પૂછપરછ કરવામાં આવી રહી છે. સ્પોટ ફિક્સીંગના આરોપમાં ધરપકડ કરવામાં આવેલાઓમાં મહારાષ્ટ્રના બુકી હોવાનું જાણવા મળ્યું છે. વાનખેડે સ્ટેડીયમમાં મુંબઈ ઈન્ડિયન્સ સાથેની બુધવારની મેચમાં પણ સ્પોટ ફિક્સીંગમાં આ ખેલાડીઓ સામેલ હોવાના અહેવાલ મળ્યા છે. શ્રીસંત ઉપર હવે વધુ સંકંજો જમાવી દેવામાં આવ્યો છે. કેટલાક ક્રિકેટરોના ફોન અને બુકીઓના ફોન ટેપ કરી લેવામાં આવ્યા બાદ દિલ્હી પોલીસને નક્કર પુરાવા મળ્યા હતા જેના આધાર ઉપર આ ખેલાડીઓની ધરપકડ કરવામાં આવી છે. સ્પોટ ફિક્સીંગની શંકાના આધાર ઉપર ઘણા દિવસથી તેમના ફોન ટેપ કરવામાં આવી રહ્યા હતા. આઈપીએલમાં પણ આના લીધે ખળભળાટ મચી ગયો છે. દિલ્હી પોલીસ ઝડપાયેલા ખેલાડીઓ પાસેથી વધુ વિગત મેળવવાના પ્રયાસમાં લાગી ગઈ છે. રાજસ્થાન રોયલ્સના ઝડપી બોલર શ્રીસંતની ધરપકડથી ક્રિકેટ ચાહકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. શ્રીસંત તેની કેરિયરમાં વારંવાર અનિયમિતાતા, શિસ્તના અભાવના સર લોકપ્રિય થયો છે. તાજેતરમાં જ હરભજનસિંહ અને તેની વચ્ચે લાફો મારવાના વિવાદમાં પણ તે રહ્યો હતો.



ફિક્સીંગના આરોપસર ઝડપી બોલર શ્રીસંત અને રાજસ્થાન રોયલ્સના અન્ય બે ખેલાડી અંકિત ચૌહાણ અને અજીત ચાંદીલાની ધરપકડ કરી લેતા ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો હતો. બીજી બાજુ આઈપીએલમાં મેચ ફિક્સીંગ અને સ્પોટ ફિક્સીંગ હોવાની બાબતને આ ધરપકડ કરી છે. ઉચ્ચસ્તરિય સુત્રોનું કહેવું છે કે બુકી રમેશ વ્યાસ આમા મહત્વપૂર્ણ રહ્યો છે. બુકીઓના નામ જ્યુપિટર, બંટી અને કોઠારી તરીકે પણ સપાટી પર આવ્યા છે. ફિક્સીંગની પ્રવૃત્તિ મુખ્યરીતે દુબઈથી હાથ ધરવામાં આવી રહી હતી અને કરાચીથી અમદાવાદ સુધી આઈપીસીની કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. પ્રાથમિક પુછપરછ દર્શાવે છે કે મોહાલી ખાતેની આઈપીએલની મેચો પણ ફિક્સ હતી. સ્પેશિયલ સીપી સ્પેશિયલ સેલ સમગ્ર ઓપરેશન પર નજર રાખી રહ્યા છે. ડીસીપી સંજય યાદવના નેતૃત્વમાં ટીમ સમગ્ર

## શ્રીસંત અને અન્ય બે ખેલાડીને સસ્પેન્ડ કરવાનો અંતે નિર્ણય

### દોષિત જણાશે તો વધુ કઠોર કાર્યવાહી : બોર્ડ : આઈપીએલમાં ફિક્સીંગથી ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ પણ હચમચી ઉઠ્યુ : તપાસમાં સંપૂર્ણ સહકાર અપાશે

નવી દિલ્હી,તા. ૧૬

આઈપીએલમાં સ્પોટ ફિક્સીંગના મામલાથી ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ પણ આઘાતમાં છે. બીસીસીઆઈએ તરતજ કાર્યવાહી કરીને સ્પોટ ફિક્સીંગના મામલામાં ઝડપાયેલી ત્રિપુટી શ્રીસંત અને રાજસ્થાન રોયલ્સના અન્ય બે ખેલાડીને સસ્પેન્ડ કરી દીધા છે સાથે સાથે તપાસ બાદ જો આ ખેલાડી દોષિત આવશે તો તેમની સામે કઠોર પગલા લેવામાં આવશે. બીસીસીઆઈના સેક્રેટરી સંજય જગદલે દ્વારા નિવેદન જારી કરીને જણાવવામાં આવ્યુ છે કે પ્રાથમિક માહિતી મુજબ ત્રણ ખેલાડી શ્રીસંત, અંકિત ચૌહાણ અને અજિત ચંડિલાની ધરપકડ કરવામાં આવી છે અને તેમને સસ્પેન્ડ પણ કરી દેવામાં આવ્યા છે. નિવેદનમાં જણાવાયુ છે કે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા અધિકારીઓ દ્વારા ત્રણ ખેલાડીઓની સાથે સાથે સાત બુકીની ધરપકડ કરી લેવામાં આવી છે. મુંબઈમાં વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સની સામે તેમની ટીમની આઈપીએલની મેચ બાદ મોડી રાત્રે કાર્યવાહી હાથ ધરાઈ હતી. ક્રિકેટરો અને બુકીઓ સામે જુદી જુદી કલમો હેઠળ કાર્યવાહી હાથ ધરાઈ છે. બોર્ડે કહ્યુ છે કે તપાસના ભાગરૂપે દિલ્હી પોલીસને સંપુર્ણ સહકાર અપાશે. બીસીસીઆઈ ક્રિકેટમાં ભ્રષ્ટાચારનો ચલાવી લેવા માટે તૈયાર નથી.

અમે દિલ્હી પોલીસને તમામ સહકાર આપીશું. પોલીસે ૧૦ બુકીની પણ ધરપકડ કરી છે જે પૈકી ત્રણ બુકી દિલ્હીના અને સાત બુકી મુંબઈના હોવાનું જાણવા મળ્યુ છે. દિલ્હીમાં અન્ય બે બુકીની શોધખોળ ચાલી રહી છે. બોર્ડે કહ્યુ છે કે ભ્રષ્ટાચારને દૂર કરવા વ્યાપક પગલા લેવાયા હોવા છતાં વારંવાર મેચ ફિક્સીંગના મામલા સપાટી પર આવી રહ્યા છે જે ખૂબજ દુખદ બાબત છે.



## આઈપીએલ-૬માં ૪૦૦૦૦ કરોડ રૂપિયાની મેચ ફિક્સીંગ

### શ્રીસંતને એક ઓવર માટે ૬૦ લાખ રૂપિયા : મેચ ફિક્સીંગ માટે વિવિધ ઘણા કોડનો ઉપયોગ કરાતો હતો : અન્ડરવર્લ્ડના પણ કનેક્શન હોવાનો દાવો કરાયો

નવી દિલ્હી,તા. ૧૬

દિલ્હી પોલીસે સ્પોટ ફિક્સીંગ મામલામાં ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો છે અને કહ્યુ છે કે શ્રીસંતને એક ઓવરના સ્પોટ ફિક્સીંગ માટે ૬૦ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. દિલ્હી પોલીસના કમિશનર નિરજ કુમારે કહ્યુ છે કે સ્પેશિયલ સેલ ખેલાડીઓ અને બુકીઓ વચ્ચે ફોન વાતચીતની સેંકડો કલાકોની રેકોર્ડીંગ ધરાવે છે. સૌથી હેરાન કરી દેનાર બાબત એ છે કે આઈપીએલ-૬માં ૪૦૦૦૦ કરોડ રૂપિયાની મેચ ફિક્સીંગ કરવામાં આવી ચુકી છે. એક ઓવરમાં ૧૪ રન આપવા બદલ અંકિતને ૬૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. બુધવારે વાનખેડે સ્ટેડિયમ પર રમાયેલી રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન વચ્ચેની મેચ પણ ફિક્સ કરાઈ હતી. ઝડપાયેલા સટ્ટોડિયાઓમાં દિલ્હીના સૌથી મોટા સટ્ટોડિયા ટિન્કુનો સમાવેશ થાય છે. સ્પોટ ફિક્સીંગના પુરાવા પણ પત્રકાર પરિષદમાં રજુ કરાયા હતા. મેચ ફિક્સીંગના કનેકશન અંડરવર્લ્ડ સાથે પણ જોડાયેલા છે. સ્પોટ ફિક્સીંગનું આ નેટવર્ક ઈશારાઓ મારફતે ચાલી રહ્યુ હતુ. લોકેટ ફેરવવા, ઘડિયાળો બતાવવા, ફિલ્ડીંગ બદલવા, ટીશર્ટો ઉછાળવા જેવા કોડ મારફતે ફિક્સીંગ કરવામાં આવી ગયુ હતુ. પોલીસના જણાવ્યા મુજબ બુકીઓ ખેલાડીઓને આદેશો કરતા હતા અને ઓવરમાં રન આપવા માટે ફિક્સીંગ થઈ રહ્યુ હતુ. પાંચમી, નવમી અને ૧૫મી મેના દિવસે રમાયેલી મેચો ફિક્સ થઈ હતી. ૧૫મી મેના દિવસે રમાયેલી મેચ મોહાલી ખાતેની હતી. બુકી અને અંડરવર્લ્ડ સાથે થયેલી વાતચીત મુજબ રન આપવા માટે શ્રીસંત અને અન્ય બે બોલરોને રૂપિયા ચુકવાયા હતા. ભરચક પત્રકાર પરિષદમાં દિલ્હીના પોલીસ કમિશનરે તમામ અહેવાલો રજુ કર્યા હતા. ઝડપાયેલાઓ સામે મકોકા હેઠળ કાર્યવાહી કરાશે. જેમાં જામીન વગર જેલમાં જવું પડશે. કુમારે કહ્યુ હતુ કે મોડસ ઓપરેન્ડી પણ જુદી જુદી પ્રકારની હતી. ચોક્કસ પ્રકારના કોડનો ઉપયોગ કરાતો હતો. ડીસીપી સંજીવ યાદવનું કહેવું છે કે ચંડિલા અને બુકી વચ્ચે થયેલી વાતચીતમાં એક ખાતાનો પણ ઉલ્લેખ છે જે યાદવે આપ્યો હતો.

## સ્પોટ ફિક્સીંગ ભૂત...

- રાજસ્થાન રોયલ્સના ઝડપી બોલર શ્રીસંત અને અન્ય બે ખેલાડીની ધરપકડ કરાઈ
- અંકિત ચૌહાણ અને અજીત ચંદીલા ઝડપાયા
- દિલ્હી પોલીસે ૧૦ બુકીની પણ ધરપકડ કરી જે પૈકી ત્રણ બુકી દિલ્હીના અને સાત બુકી મુંબઈના હોવાના અહેવાલ
- અન્ય બુકીઓની પણ શોધખોળો હાથ ધરવામાં આવી
- દિલ્હી પોલીસ ઘણા દિવસથી શંકાના આધારે ફોન ટેપ કરી રહી હતી
- સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરવા દિલ્હી પોલીસે કમર કસી
- ધરપકડ કરવામાં આવેલામાં મહારાષ્ટ્રના બુકીઓ સામેલ
- ગુપ્ત રીતે તપાસ કરવામાં આવ્યા બાદ દિલ્હી પોલીસને આખરે મોટી સફળતા હાથ લાગી
- ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ પણ હચમચી ઉઠ્યુ આયોજકો ચિંતિત

# રાંધણગેસ કેશ સબસીડી ૧લી જૂનથી અમલી

### પ્રથમ તબક્કામાં ૨૦ જિલ્લાઓમાં કેશ સબસિડી સ્કીમ : જેની પાસે આધાર નથી તે લોકોને આધાર કાર્ડ બનાવી લેવાની સૂચના અપાઈ રોકડ રકમ ખાતામાં જમા કરાશે : પ્રતિ કન્ઝ્યુમર વાર્ષિક ૪૦૦૦ રૂપિયા

નવી દિલ્હી,તા. ૧૬

રાંધણગેસ પર રોકડ સબસીડી ૨૦ જિલ્લાઓમાં ૧લી જૂનથી અમલી બનાવવામાં આવનાર છે. આ અંગેનો નિર્ણય હવે કરી લેવામાં આવ્યો છે. પેટ્રોલીયમ પ્રધાન વિરપ્પા મોઈલીએ કહ્યું છે કે જે લોકોની પાસે આધાર નથી તેમને તરત જ આધાર કાર્ડ બનાવી લેવા માટે કહેવામાં આવી ચૂક્યું છે. જે લોકોની પાસે આધાર છે તેમને બેંક ખાતાઓ ખોલવા અને તેની સાથે આધાર નંબરને જોડવા માટે સૂચના આપવામાં આવી છે. જે જિલ્લાઓમાં રોકડ સબસીડી સ્કીમ શરૂ કરવામાં આવી રહી છે તેમાં આંધ્રપ્રદેશના અનંતપુર, ચિતુર, પૂર્વીય ગોદાવરી, હૈદરાબાદના રંગારેડ્ડી, દમન અને દીવ, ગોવાના ઉત્તરીય ગોવા વિસ્તાર, હિમાચલ પ્રદેશના વિલાસપુર, હમીરપુર, મંડી અને ઊનાનો સમાવેશ થાય છે. કર્ણાટકના મહેસૂર, તુમકુર, કેરળના પથનામથિટા, વાયાનડા, મહારાષ્ટ્રના વરધા, પંજાબના એસબીએસ નગર, નવન શહેર, મધ્ય પ્રદેશના પૂર્વીય નિમાડ, અને હર્ધા જિલ્લાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પુડુચેરીમાં પણ આ સ્કીમ શરૂ કરવામાં આવશે. દિલ્હીમાં આગામી ચરણથી રોકડ સબસીડીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ સ્કીમ પ્રથમ તબક્કામાં દિલ્હીના કોઈપણ જિલ્લામાં શરૂ કરવામાં આવી રહી નથી. આનું મુખ્ય કારણ એ છે કે દિલ્હીના કોઈપણ જિલ્લામાં ૭૦ ટકાથી વધુ લોકોને આધાર નંબર મળ્યા નથી. શરૂઆતમાં એવા જિલ્લાઓમાં આ સ્કીમ શરૂ કરવામાં આવશે જ્યાં કુલ વસ્તીના ૭૦ ટકાથી વધારે લોકો પાસે આધાર નંબર છે અને આ આધાર નંબરને બેંક એકાઉન્ટ સાથે જોડી દેવામાં આવ્યા છે. મોઈલીએ કહ્યું હતું કે એવા જિલ્લાઓમાં આ સ્કીમ શરૂ કરવામાં અસરકારક રહેશે જ્યાં વધારે લોકો પાસે આધાર કાર્ડ છે. ગ્રાહકોના ખાતામાં ચોક્કસ રકમ જમા કરવામાં આવશે જેને લઈને તૈયારી પહેલાથી જ પૂરી કરાઈ છે.

## સ્કીમનો બીજો તબક્કો ઓક્ટોબરથી અમલી

નવી દિલ્હી,તા. ૧૬

પેટ્રોલિયમ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે ઓક્ટોબર અથવા નવેમ્બર મહિનામાં આ સ્કીમના બીજા તબક્કાની શરૂઆત કરવામાં આવશે. જે હેઠળ દિલ્હી સહિત અન્ય મેટ્રો શહેરોને સામેલ કરવાના પ્રયાસ કરવામાં આવશે. સરકારે ૧૪ કરોડ એલપીજી ગ્રાહકોને મળતી સબસીડી સીધી રીતે તેમના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવાની યોજના બનાવી છે જેના ભાગરૂપે પ્રથમ તબક્કાને ૧લી જૂનથી અમલી બનાવાશે જ્યારે બીજા તબક્કાને ઓક્ટોબર અથવા નવેમ્બરથી અમલી બનાવાશે. ૧લી ઓક્ટોબરથી સમગ્ર દેશમાં આને લાગુ કરવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. એલપીજી સબસીડી મેળવવા માટે કન્ઝ્યુમરને આધાર નંબર સાથે બેંકને જોડવાની જરૂર રહેશે. પ્રતિ કન્ઝ્યુમર વાર્ષિક સબસીડી ૪૦૦૦ રૂપિયાની આસપાસ રહેશે. પ્રતિ કન્ઝ્યુમર સબસીડીવાળા એલપીજી સિલિન્ડરની સંખ્યા નવ રહેશે.



## સમાચાર ઝલક

- લીવ ટ્રાવેલ એલાઉન્સમાં ફક્ત ભારતમાં જ કરેલી હવાઇ સફર પર ટેક્સ છૂટ મળશે.
- રાજકોટ નજીક કાઠી મહિનાને તાંત્રિકવિધિનાં બ્હાને ખુન કરાયું, ઓરોપીઓ સંકજામાં.
- એપ્રિલ માસમાં મોબાઇલ ગ્રાહકો ઘટ્યા.
- લાલુપ્રસાદ યાદવે પોતાના બે પુત્રને રાજકારણમાં લોન્ચ કર્યા.
- આર્થિક પછાક ક્રિમી લેયરની મર્યાદા રૂા. ૬ લાખ કરવાનો નિર્ણય.
- રાજસ્થાનમાં મસાલા પર વેટ નાબૂદ કરતાં ગુજરાતમાં મસાલા ઉદ્યોગનો મૃત્યુઘંટ વાગશે.
- ગુજરાતના સિંહોનાં સ્થળાંતરના વિરોધમાં જલદ આંદોલન થશે.
- ઘર નોકરને અઠવાડિયે એક દિવસની રજા મળશે, કેબિનેટમાં નિર્ણય.
- ચાલુ માસમાં અંતમાં ધોરણ-૧૨ સામાન્યપ્રવાહનું પરિણામ.
- ભારતીય એન્જિનીયરોને એચ-૧બી વિઝા આપતાં અમેરીકન એન્જિનીયરોનો વિરોધ.
- બેન્કોએ સોનાનાં સિક્કાનું વેચાણ બંધ કરવું પડશે.
- ભાવનગર જિલ્લામાં વારંવાર ચોરીનાં કારણે ભગવાનને આભૂષણ નહિ ચડાવવાનો નિર્ણય.
- છાપા વહેંચતા ફેરિયાએ આઇ.આઇ.એમ.માં પ્રવેશ મેળવ્યો.
- સાઉદી અરેબિયામાં સાર્સ જેવો ખતરનાક વાયરસ ૧૫નાં મોત.
- બાંગ્લાદેશ તરફ ધસમસતું ‘મહાસેન’ વાવાઝોડું.
- બેંક ગ્રાહકને વીથડ્રોઅલ સ્લીપથી નાણાં ઉપાડવા ઇન્કાર કરી શકે નહીં. પાસબુક હોવી જરૂરી છે, રિઝર્વ બેંકની સૂચના.
- વિમાનમાં મહિલાને ગીત ગાવાનું ભારે પડ્યું, વિમાનમાંથી ઉતારી દેવાઇ.
- જમાઇરાજે સાસુ પાસે અઘટીત માગણી કરતાં પોલીસ ફરિયાદ થઇ.
- અભિનેત્રી મનીષા કોઇરાલા કેન્સર મુક્ત થતાં ધ્રુસકે ધ્રુસકે રડી, ચાહકોનો આભાર માન્યો.
- કાશ્મીરમાં વર્ષોથી મંદિરોની દુર્દશા, જાળવણીનાં અભાવે ખંડેર બન્યા છે.

# સંજય દત્તની ટાડા કોર્ટ સમક્ષ શરણાગતિ

### કોર્ટમાં શરણાગતિ સ્વીકારવામાં આવ્યા બાદ જરૂરી વિધિ કરાઈ : સંજય દત્ત માટે મુશ્કેલ તબક્કો આખરે શરૂ થયો

મુંબઈ,તા. ૧૬

બોલિવુડના સ્ટાર અભિનેતા સંજય દત્તે નિયુક્ત ટાડા કોર્ટ સમક્ષ આજે શરણાગતિ સ્વીકારી લીધી હતી. આની સાથે જ વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં બાકીની તેની સાડા ત્રણ વર્ષની સજા હવે તે ભોગવશે. તેની પત્ની માન્યતા અને ફિલ્મ નિર્માતા મહેશ ભટ્ટ પણ સંજય દત્તની સાથે હતા. અભિનેતા પૂજા વિધિ સવારે કર્યા બાદ કોર્ટમાં ઉપસ્થિત થયો હતો. કોર્ટમાં સંજય દત્ત ઉપસ્થિત થવાની સાથે જ બાકીની વિધિ શરૂ થઈ ગઈ હતી. કોર્ટે સંજય દત્તની ઓળખ માટેની પ્રક્રિયા હાથ ધરી હતી. તાજેતરમાંજ સુપ્રીમ કોર્ટ દ્વારા તેને અપરાધી ઠેરવવામાં આવ્યો હતો. સંજય દત્ત સફેદ કુર્તા અને જિન્સમાં દેખાયો હતો. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જ અપરાધી ઠેરવીને સંજય દત્તને પાંચ વર્ષની સજા ફટકારી હતી. ઉપનગરિયા બાંદ્રામાં પાલી હિલ ખાતે ઈમ્પેરિયર હાઈટ બિલ્ડીંગની બહાર પોતાની કારમાં આવતા પહેલા સંજય દત્તે લોકોનો આભાર માન્યો હતો તેની ઈમારતની બહાર મોટી સંખ્યામાં લોકો એકત્રિત થઈ ગયા હતા.

કોર્ટ નજીક સંજય દત્તની ગાડી આવતાની સાથે જ પત્રકારો અને ફોટોગ્રાફરો તથા અન્ય લોકોએ તેને ઘેરી લીધો હતો. ભટ્ટ સૌથી પહેલા કારમાંથી બહાર નીકળ્યા હતા. મીડિયાને દૂર રહેવાની હાથ જોડીને વિનંતી કરવામાં આવી હતી. સંજય દત્ત કોર્ટમાં જઈ શકે તે માટે આ પ્રકારની અપીલ કરવામાં આવી હતી. વ્યાપક લોકોને સમજાવવામાં આવ્યા બાદ કોર્ટમાં જવા સંજય દત્ત માટે રસ્તો કરવામાં આવ્યો હતો. સંજય દત્તના ઘણા ચાહકો કોર્ટની બહાર પહેલાથી જ રાહ જોઈ રહ્યા હતા. પોલીસે કોર્ટની બહાર મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી હતી.

સુપ્રીમ કોર્ટે ૨૧મી માર્ચના દિવસે સંજય દત્તને પાંચ વર્ષની સજા



કરી હતી. ગેરકાયદે હથિયારો રાખવાના મામલામાં સંજય દત્તને સજા કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ૧૪મી મેના દિવસે શરમાગતિ સ્વીકારી લેવા વધારે સમય આપવાનો પણ ઈન્કાર કર્યો હતો. ૧૦મી મેના દિવસે સુપ્રીમ કોર્ટે પાંચ વર્ષની સજા ફટકારવા અને તેને અપરાધી ઠેરવવા તેના ચુકાદાની સમિક્ષાની માંગ કરતી અરજીને પણ ફગાવી દીધી હતી.

## ખજાનો (પાન નં. ચોથાનું ચાલુ...)

(૩) સોની નિપલ એચ : સે-૪થી

પ્રશ્ન - પ્રખ્યાત લિંગરાજ મંદિર કયા આવેલું છે?

જવાબ - ભુવનેશ્વર (ઓરિસ્સા)

(૪) વ્યાસ કંદર્પ. ડી : સે-૨૫થી

પ્રશ્ન - ભારતમાં વધુ જસત કયાંથી નીકળે છે?

જવાબ - અંબાજી (ગુજરાત)

(૫) જૈમિન એ. ઠક્કર : સે-૨૯થી

પ્રશ્ન - સર ડૉન બ્રેડમેન કયા ક્ષેત્રનાં ખેલાડી હતા, અને કયા દેશનાં?

જવાબ - ક્રિકેટના ખેલાડી, ઓસ્ટ્રેલિયા

● આ સપ્તાહનો સવાલ...?

કર્ણાટકના નવા નિમાયેલ મુખ્યમંત્રીનું નામ શું છે?

● સાચા જવાબો :-

[illegible]